Email

ક્રમાંક:અનઢ.૧/પ/માધ્ય/૨૦૨૦/
કમિશનર ,શાળાઓની કચેરી,
ડૉ/૧ ,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા .ગાંધીનગર
તા. /૦૫/૨૦૨૦
૨૬/૫/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારી તમામ.

વિષય : રાજ્યની સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમા મંજુર શિક્ષકોની જગ્યાઓ સામે ખાલી જગ્યા નિયમિત રીતે ભરાય ત્યાં સુધી પ્રવાસી શિક્ષકોની નિમણુક બાબત

સંદર્ભ :
૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃબમશ/૧૦૧૪/૧૪૦/ગ, તા.૨૧/૧૨/૨૦૧૫
૨. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃબમશ/૧૦૧૪/૧૪૦/ગ, તા.૦૨/૦૧/૨૦૧૮
૩. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃબમશ/૧૦૧૪/૧૪૦/ગ, તા.૧૫/૦૨/૨૦૧૮
૪. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃબમશ/૧૦૧૪/૧૪૦/ગ, તા.૨૯/૦૫/૨૦૧૯
૫. શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંકઃબમશ/૧૦૧૪/૧૪૦/ગ, તા.૧૩/૦૩/૨૦૨૦
૬. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃબમશ/૧૦૧૪/૧૪૦/ગ, તા.૧૭/૦૩/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, રાજયની સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં મંજુર શિક્ષકોની જગ્યાઓ સામે ખાલી જગ્યા નિયમિત રીતે ભરાય ત્યાં સુધી વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય અટકે નહીં તે માટે તાસદીઠ માનદ્ વેતનથી (Honorarium Per Period) શિક્ષણકાર્ય કરાવવા અંગેની કાર્યપ્રણાલી શિક્ષણ વિભાગના તા.૨૧/૧૨/૨૦૧૫ના ઠરાવથી નિયત થયેલ છે. ત્યારબાદ શિક્ષણ વિભાગના તા.૧૭/૦૩/૨૦૨૦ ના ઠરાવથી સદર યોજના તા.૩૧/૦૩/૨૦૨૧ સુધી લંબાવેલ છે.

રાજયની સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં મંજુર શિક્ષકોની જગ્યાઓ સામે ખાલી જગ્યા નિયમિત રીતે ભરાય ત્યાં સુધી પ્રવાસી શિક્ષકની નિમણુક કરતા સમયે નીચે મુજબની બાબતો ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

- જે-તે વિષયના સ્નાતક બી.એડ./અનુસ્નાતક બી.એડ. થયેલ હોય તેવા ઉમેદવારોને અગ્રતા આપવી અને બી.એડ. થયેલ ઉમેદવાર ના મળે તો જ સંબંધિત વિષયના અનુસ્નાતક કે સ્નાતક ઉમેદવારને માનદ વેતનથી નિમણુક આપવાની રહેશે.
- પ્રવાસી શિક્ષકની સેવા લેતાં સમયે શાળાના આચાર્યએ જેમની સેવા પ્રવાસી શિક્ષક તરીકે લેવાની છે તેમની પાસેથી લેખિતમાં નિયત નમુનામાં(નકલ આ સાથે સામેલ છે) શૈક્ષણિક કાર્ય અને સેવા અંગેની ખાતરી માટે બાહેંધરી મેળવવાની રહેશે અને તેની એક નકલ સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારીને તથા નિયામકશ્રી, શાળાઓની કચેરીને મોકલવાની રહેશે.
- રાજયની સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં પ્રવાસી શિક્ષકની આવી અંશકાલીન સેવા લેવાનાં કારણે જે કોઇ અદાલતી પ્રશ્ન ઉપસ્થિત થશે કે નાણાકીય કે વહીવટી પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગેની તમામ જવાબદારી સંબંધિત શાળાના આચાર્ય, શાળા સંચાલક

Scanned with CamScanner

કે શાળા સંચાલક મંડળ/ટ્રસ્ટ/સંસ્થા વગેરેની રહેશે. બિનસરકારી અનુદાનિત શાળાના કિસ્સામાં આ
અંગે થનારા તમામ ખર્ચ (અદાલતી, વહીવટી, મહેનતાણું વગેરે સહિતનાં તમામ)ની વસૂલાત સબંધિત
શાળા સંચાલક કે શાળા સંચાલક મંડળ/ટ્રસ્ટ/સંસ્થા કે આવી સેવા લેનાર વગેરે પાસેથી કરવામાં આવ
અને આ રીતે થયેલું કે વસુલવામાં આવેલ ખર્ચને અનુદાન માટે અમાન્ય ગણવામાં આવશે તદુપરાં
આવી શાળાની નોંધણી તાત્કાલિક અસરથી રદ કરવા સુધીની કાર્યવાહી કરવાની રહેશે.

- પ્રવાસી શિક્ષકોની નિમણુક માટે ઉપરોક્ત સુચનાઓનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે અને આ અંગે કોઇ અદાલતી પ્રશ્ન, નાણાકીય કે વહીવટી પ્રશ્ન ઉપસ્થિત ન થાય તેની તકેદારી સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારીએ રાખવાની રહેશે. જો આ બાબતે બેદરકારી દાખવવામાં આવશે તો સંબંધિત અધિકારી સામે ફરજમાં નિષ્કાળજી દાખવવા સબબ શિસ્ત વિષયક કાર્યવાહી કરવામાં આવશે.
- પ્રવાસી શિક્ષક તરીકે માનદ વેતનથી શૈક્ષણિક કાર્ય કરાવવા અંગેની સમગ્ર યોજનાના નોડલ અધિકારી તરીકે ડૉ.બી.સી.સોલંકી નાયબ શિક્ષણ નિયામક (માધ્યમિક) ની નિમણુક કરવામાં આવેલ છે જેથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ સદર યોજના સંબંધિત પ્રશ્નો અન્વયે તેઓશ્રીના પરામર્શમાં રહી કાર્યવાહી કરવાની રહેશે.

નોંધ પરના માન. નિયામકશ્રીના આદેશ અનુસાર

(એમ.એન.ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ
સંયુક્ત નિયામક (હિસાબ) સદર કચેરી
સંયુક્ત શિક્ષણ નિયામક (૧૦+૨) સદર કચેરી
નાયબ શિક્ષણ નિયામક (મહેકમ) સદર કચેરી
નાયબ શિક્ષણ નિયામક (IEDSS) સમગ્ર શિક્ષા અભિયાન કચેરી, સેક્ટર-૧૭, ગાંધીનગર

---

જા.નં./માઉમા/૨૦૨૦-૨૧/23073/272
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
પંચમહાલ-ગોધરા
તારીખ:- 4/09/૨૦૨૦

નકલ રવાના:- જાણ તથા ઉક્ત પત્રમાં દર્શાવેલ બાબતો ધ્યાને લઇ અમલવારી કરવા તેમજ શાળામાં રોકેલ પ્રવાસી શિક્ષકોનું આ સાથે સામેલ નમૂના મુજબ બાહેંધરી પત્રક તૈયાર કરી મોકલી આપવા સારૂં.

જિલ્લા શિક્ષણાધિકારી
પંચમહાલ-ગોધરા

પ્રતિ,
- આચાર્યશ્રી,
  બિનસરકારી અનુદાનિત(ગ્રાન્ટેડ) મા.અને ઉ.મા.શાળાઓ તમામ,જિ.પંચમહાલ.
- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી તમામ-સદર કચેરી તરફ જાણ તથા આપના સંકુલની શાળાઓમાં જરૂરી સૂચના આપવા સારૂં.

Scanned with CamScanner